# Government Arts College,Kaparada

# સરકારી વિનયન કોલેજ,કપરાડા

સત્યમેવ જયતે

મુ.પો.-કપરાડા નિશાળ ફળિયા,પાણીની ટાંકી પાસે તા.-કપરાડા જી.-વલસાડ,પિન કોડ નં.૩૯૬૦૬૭

સ્થાપના વર્ષ: ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL:www.kaparadacollege.org


GACK/2024/ SSIP/150

DATE: 31/07/2024


સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 150
તારીખ 31/07/2024


## અહેવાલ

SSIP Cell, GKS, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા.20/05/2024 ના Email અન્વયે તથા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેની કોલેજમાં SSIP Cell અંતર્ગત "SSIP 2.O SENSITIZATION PROGRAMME AND AWARENESS ABOUT HERBAL MEDICINE & HERBAL PRODUCTS" અંગે કાર્યક્રમ તા. 30/07/2024 ના રોજ સવારે 10:30 થી બપોરે 01:30 દરમિયાન આયોજિત થયેલ. જેમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે બાયફ કપરાડાના આસિસ્ટંટ ચીફ પ્રોગ્રામીંગ એક્ઝિક્યુટીવ શ્રી જીતિન સાઠે, રીસોર્સ પર્સન તરીકે વૈદ્યશ્રી મંજુલાબેન પટેલ, મુખ્ય વક્તા તરીકે સોનિયાભાઈ ગાયકવાડ, મંગળભાઈ ધુમ, રામદાસભાઈ, બાયફ કપરાડાના સિનીયર પ્રોગ્રામિંગ ઓપરેટર શ્રી નવનીતભાઈ ઝેડ. ગાંવિત ઉપસ્થિત રહ્યા.

મહેમાનશ્રીઓ દ્વારા મા સરસ્વતી સમક્ષ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. SSIP કો-ઓર્ડીનેટર શ્રી એમ.પી.પટેલે આરભંમા SSIP નો સામાન્ય પરિચય આપી, સ્ટાર્ટ-અપ શા માટે જરૂરી છે, તેનું મહત્વ સમજાવેલ. નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦ મા ઈનોવેશન પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે તે જણાવી SSIP 2.O અંતર્ગત થઈ રહેલ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સમજાવ્યો. વિદ્યાર્થીઓ ઈનોવેશન તરફ વળે, સમાજમાં જે વણઉકેલાયેલ સમસ્યાઓ છે તેનું સ્ટાર્ટ-અપ દ્વારા નિરાકરણ લાવે, પોતાની અંદર રહેલી સર્જનાત્મકતાને બહાર લાવે તેમજ સ્ટાર્ટ-અપ માટે પ્રોત્સાહન મળે તે રહેલો છે. GKS ગાંધીનગર, KCG અમદાવાદ, અત્રેની કૉલેજ તથા સ્ટાર્ટ-અપ માટે વિદ્યાર્થીઓને જે પણ સાથ, સહકાર, માર્ગદર્શન તથા જરૂરી ગ્રાંટની આવશ્યકતા હશે તે આપવા માટે તૈયાર છે એમ જણાવેલ. બાયફ કપરાડા પણ મદદ કરવા તૈયાર છે એમ પણ જણાવેલ.

આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબે ઉપસ્થિત સર્વે મહેમાનશ્રીઓ, વૈદ્યશ્રીઓ, સ્ટાફ, વિદ્યાર્થીઓનું શબ્દિક સ્વાગત કરી કાર્યક્રમનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. તેમણે નાગલીનું દૃષ્ટાંત આપી કહ્યું કે, નાગલીને ખેતરની જમીન પર માત્ર મુકવામાં આવે છે, પછી તે આપો આપ જમીન સાથે મૂળ પકડી લે છે. તેમ તમારે પણ સ્વયં સ્ટાર્ટ-અપના મૂળ પકડી લેવાનું છે. તેમણે કાજૂનું દૃષ્ટાંત આપી જણાવ્યું કે, કાજૂના રસમાંથી ચૂંટણીમાં વપરાતી અવિલોપ્ય શાહી બનાવી શકાય છે. તેમજ હર્બલ પેંઈટ પણ બનાવી શકાય. નવી શિક્ષણ નીતિ એ ગાંધીજીની રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું મોડિફાઈડ વર્ઝન છે, તેમ પણ જણાવેલ.


Govt. Arts College Kaparada Dist. Valsad

ACPE શ્રી જિતીન સાઠે સાહેબે આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરિકે આમંત્રણ આપવા બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે આપણી આસપાસ મળતી વનસ્પતિ એ ઔષધિ છે. જેનાથી આપણે અમીર છીએ. ઔષધિ ધરાવતી આ વનસ્પતિમાં પણ સ્ટાર્ટ-અપ કરી શકાય છે. જેના જીવંત ઉદાહરણ મંજુલાબેન પટેલ અને સોનિયાભાઇ ગાયકવાડ છે. જ્યારે આપણે ત્યાં હોસ્પિટલ અસ્તિત્વમાં ન હતી ત્યારે દરેક રોગોનો ઈલાજ આયુર્વેદ આધારીત હતો. આપણે આ ઔષધિને જીવિત રાખવાનું છે. એનું જ્ઞાન નવી પેઢીને આપવાનું છે. આમાની કેટલિક ઔષધિ આપણે આપણા ગાર્ડનમાં ઉગાડી શકતા નથી. જે કુદરતિ વાતાવરણમાં જંગલમાં જ તૈયાર થાય છે, માટે જંગલોને કોઈ સળગાવે તો તેને અટકાવવાનું છે. જંગલો કપાય રહ્યા છે, તેનું દુ:ખ છે. કેન્સર જેવા રોગોની દવા આ પ્રકૃતિમાંથી પ્રાપ્ત થાય છે. આપણે પ્રકૃતિ સાથે જીવન પસાર કરવાનું છે, માટે પ્રકૃતિને સાચવવું એ આપણી જવાબદારી છે.

ત્યારબાદ બાયફ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિડિયો ક્લિપ દર્શાવવામાં આવી. જેમાં આદિવાસી સંસ્કૃતિ અને આયુર્વેદિક ઉપચાર જેવા કે, માટીલેપ, મસાજ, સ્ટીમબાથ દર્શાવવામાં આવેલ.

નિલોશી ગામથી આવેલ વૈદ્યશ્રી સોનિયાભાઇ ગાયકવાડે પોતાની વનૌષધિના ઉપચારની શરૂઆત, બાયફ સંસ્થાએ કેવી મદદ કરી, પોતે માત્ર ધોરણ ચાર પાસ હોવા છતાં પિતા પાસેથી મળેલ મૌખિક જ્ઞાનના આધારે વનૌષધિ દ્વારા ઈલાજ કરે છે, તે વાત જણાવી. તેમણે વિવિધ વનસ્પતિઓનો ઉપયોગ કઈ કઈ બિમારીમાં કરી શકાય તેની માહિતી આપી.

આજના કાર્યક્રમનાં રીસોર્સ પર્સન વૈદ્યશ્રી મંજુલાબેન પટેલે પોતાની વૈદ્ય તરીકેની કારકીર્દીની શરૂઆત કેવી રીતે થઈ, સ્ત્રી હોવાના કારણે જે પારીવારિક, સામાજિક સમસ્યાઓ આવી તેની માહીતી આપી. ૧૪ વર્ષ સુધી સોનિયાભાઈ સાથે સ્ત્રીઓને મસાજ કરવાનું કાર્ય કરી પછી પોતાનું સેન્ટર ઉભું કર્યું. આજે તેઓ ચાર ચાર સેન્ટરો ચલાવે છે. પોતે દિલ્લી ખાતે વૈજ્ઞાનિકોને વ્યાખ્યાન આપવા પણ ગયા છે. વિવિધ આયુર્વેદિક મેળાઓમાં જાય છે. સુરત ખાતે થયેલ છ દિવસના પ્રથમ મેળામાં ૧,૮૦,૦૦૦ રૂપિયાની કમાણી થઈ હતી. કોરોના સમયગાળામાં અમદાવાદ ખાતે કોઈ પણ પ્રકારના માસ્ક પહેર્યા વગર ઉકાળાનું વિતરણ કર્યું હતું. પોતાના દીકરાને બ્રેન હેમરેજ થયું હતું, ડૉકટરે સાત લાખ રૂપિયા ખર્ચ થશે જણાવેલ અને ઑપરેશન કર્યા પછી એ સફળ થશે કેમ એની કોઈ ગેરંટી ન હોય, તેઓ પોતાના દીકરાને ઘરે લઈ આવી માત્ર સો રૂપિયાની આયુર્વેદિક ઔષધિથી સાજા કર્યા હતા. જે દીકરો આજે પણ સ્વસ્થ અને તંદુરસ્ત છે જે દર્શાવે છે કે આપણી વનૌષધિ કેટલી સક્ષમ અને સમર્થ છે.

મંજુલાબેને વિવિધ વનસ્પતિઓ કયા રોગમાં ઉપયોગી છે તેની વિસ્તૃત માહિતી આપેલ. જેમકે, શતાવરી તાવ, કમળો, શરીરની નબળાઈ, પેટના દુ:ખાવામાં; કાંચકી પેટના દુ:ખાવા અને કૃમિમાં, ઉલ્ટીમાં; નાગોડ કે નીંગોડી શરીરના દુ:ખાવામાં, સ્ટીમબાથ માટે, માલિશના તેલ બનાવવામાં; કરિયાતું તાવ, સુગર, કમળા માટે, પેટના સોજા માટે; માલકાંગણીનું તેલ માલિશ, આંખ માટે તેમજ યાદશક્તિ વધારવા; હરીયા કંદ શરીરની કોઈ ગાંઠ માટે, કેન્સર માટે ઉપયોગી છે તેમ જણાવેલ. મંજુલાબેને વિદ્યાર્થીઓને ડેમો બતાવવા જે વનસ્પતિઓ લાવ્યા હતા એ તમામ વનસ્પતિઓ કૉલેજના હર્બલ ગાર્ડન માટે આપતા ગયા હતા.

મંગળભાઈએ જણાવ્યું કે, આ ધરતી પર જે કંઈ પણ વનસ્પતિ છે તે તમામ ઔષધિ છે પણ તેનો ઉપયોગ યોગ્ય માર્ગદર્શન મુજબ કરવો જોઈએ. તેમણે કહ્યું કે, એક વૃક્ષ એવું છે જે રાત્રે પ્રકાશિત થતું દેખાય છે, તેનો સ્પર્શ કરો તો કરંટ આપે છે. એ વૃક્ષ આપણું સંજીવની વૃક્ષ છે.

બાયફ કપરાડાના સિનીયર પ્રોગ્રામિંગ ઓપરેટર શ્રી નવનીતભાઈ ઝેડ. ગાંવિતે શ્રી મણિભાઈ દેસાઈ દ્વારા બાયફ સંસ્થાની સ્થાપના, તેનો ઉદભવ, ક્વોલિટી ઓફ લાઈફ, બાયફની સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય, ભગત અને વૈદ્ય વચ્ચેનો ફરકની ચર્ચા કરી હતી.


આ કાર્યક્રમને અનુલક્ષીને બે ટેબલ, એક બેંચ ઉપર સ્ટોલ મૂકવામાં આવેલ. જેમાં વિવિધ પારંપરિક દવાઓ અને વનસ્પતિઓ મુકવામાં આવી હતી, જેનો વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ પરિચય પણ મેળવેલ.

IQAC કૉ-ઑર્ડીનેટર ડૉ. પી.બી.કુરકુટીયાએ ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે તેમણે જે વનસ્પતિઓનો ઔષધિ તરીકે ઉપયોગ થાય છે તેની માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં 119 વિદ્યાર્થી ભાઈ-બહેનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. 18 કૉલેજના શૈક્ષણિક-બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ, મહેમાનશ્રી તથા વૈદ્યશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ SSIP 2.0 ની માહિતી મેળવી, સેંસિટાઈઝ થયા. હર્બલ મેડીસિન અને હર્બલ પ્રોડક્ટસની પ્રત્યક્ષ જાણકારી મેળવી. આ માહિતી વિદ્યાર્થીઓને Start-up સંદર્ભે ખૂબ જ ઉપયોગી નીવડશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન SSIP કૉ-ઑર્ડીનેટર શ્રી એમ.પી.પટેલ દ્વારા કરવામાં આવ્યું.

SSIP Co-ordinator
**Assistant Professor**
**Govt. Arts College Kaprada**
**Ta. Kaprada, Dist. Valsad.**




Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.